# ઈડરના કાનપુરમાં આંજણા પાટીદાર સમાજના આગેવાનોની બેઠક યોજાઈ

**માતબર દાનની સરવાણી વહી, સમાજને વધુ સંગઠીત બનવાનો સમય હોવાનો અનુરોધ કરાયો**





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

ઈડર તાલુકાના કાનપુરમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના આંજણા પટેલ સમાજના આગેવાનોની ચિંતન બેઠક તથા અમૃત પર્વની ઉજવણી સહિતનો કાર્યક્રમ શેઠ શ્રી હરીભાઈ વેલજીભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને રવિવારે યોજાઈ ગયો. જેમાં હિંમતનગરના ગાંભોઈ નજીક આંજણા ચૌધરી સમાજના નવા સંકુલના નિર્માણ માટે ફરી એકવાર દાનની હાકલ થતાં માતબર દાનની સરવાણી વહી હતી.વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી આંજણા પાટીદાર સમાજને વધુ સંગઠિત બનવાનો સમય હોવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો.બેઠકમાં મોટી સંખ્યામાં સમાજના શ્રેષ્ઠીઓ હાજર રહ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે ઉપર ગાંભોઈ નજીક આંજણા પાટીદાર સમાજના નવા સંકુલના નિર્માણ માટે પ્રયત્નો તેજ ગતિએ આગળ વધી રહ્યા છે. જમીન સંપાદન કરવાની સાથે બાંધકામ માટે તમામ પરવાનગી મેળવી લેવામાં આવી છે. કરોડોના ખર્ચે તૈયાર થનારા આધુનિક સંકુલના નિર્માણ માટે મનોમંથન કર્યા પછી કામગીરી સતત આગળ વધી રહી છે. જેના ભાગરૂપે રવિવારે કાનપુર ખાતે યોજાયેલ આંજણા પાટીદાર સમાજની બેઠકમાં ગોધમજીના જાણીતા ઉદ્યોગપતિ બાબુભાઈ વિરાભાઈ પટેલએ તેમના સ્વર્ગસ્થ પિતાના નામે રૂા.૧૧ લાખનું માતબર દાન જાહેર કર્યું હતું. તેમજ એન.આર.આઈ. વસઈ ગામના વિનુભાઈ દેસાઈએ રૂા.૧,૧૧,૦૦૦નું દાન જાહેર કર્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટી તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ગૌપાલકના મહિસા રઘુભાઈ જેશિંગભાઈ પટેલનું ૭૫ વર્ષ નિમિત્તે અમૃત પર્વની ઉજવણીની હરીભાઈ ચૌધરી દ્વારા વિશિષ્ટ સંન્માન કરવામાં આવ્યું હતું અને સંસ્થાને રૂા.૨ લાખના દાનની જાહેરાત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ખેતીબેંકના વાઈસ ચેરમેન ફલજીભાઈ પટેલ, સાબરડેરીના વાઈસ ચેરમેન બ્રિજેશભાઈ પટેલ, ખેડબ્રહ્મા એ.પી.એમ.સી. ચેરમેન અમૃતભાઈ શાંમળભાઈ પટેલ, સાબરડેરી ડિરેક્ટર કનુભાઈ પટેલ, તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ એકતાબેન પટેલ, કોટન ફેડરેશન, સીડ્સના ડિરેક્ટર દિનેશભાઈ પટેલ, પ્રેમલ દેસાઈ, નારાયણ પટેલ, સાબરકાંઠા બેંકના પૂર્વ વાઈસ ચેરમેન હરીભાઈ ધીરૂભાઈ પટેલ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આભાર દર્શન ઉદ્યોગપતિ રેવાભાઈ દાણાભાઈ પટેલએ કર્યું હતું. સમગ્ર સભાનું સંચાલન મનુભાઈ બી. પટેલ તેમજ રમણભાઈ બી. પટેલએ કર્યું હતું તેમ સંસ્થાના મંત્રી કેશુભાઈ પી. પટેલએ જણાવ્યું છે.

**પ્રોટેમ સ્પીકર અને ધારાસભ્યની પ્રજાને અલવિદા**

# કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભિલોડાના ધારાસભ્ય ડો.અનિલ જોષીયારાનું નિધન



મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લા કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભિલોડાના ધારાસભ્ય અનિલ જોષિયારાનું નિધન થતાં સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે. બે મહિનાથી કોરોના સંક્રમિત થતાં તેઓને ચેન્નઈ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન નિધન થયાના સમાચાર આવતા તેમના સમર્થકો અને ચાહકોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. પૂર્વ આરોગ્યમંત્રી અને કોંગ્રેસના ધારાસભ્ય ડો.અનિલ જોશિયારાનું ૬૯ની વયે અવસાન થતાં તેમના ગામ પણ શોકમાં સરી પડ્યું છે. ડો.અનિલ જોષીયારાને એક મહિના પહેલા વધુ સારવાર અર્થે ચેન્નઈ લઈ જવામાં આવ્યા હતા. આ પહેલા તેઓ અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં વેન્ટિલેટર પર હતા, પરંતુ ફેફસાં કામ ન કરી શકતાં તેમને એર એમ્બ્યુલન્સ દ્વારા ચેન્નઈ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં એકમો ટેક્નિક દ્વારા તેમની સારવાર કરવામાં આવી હતી. ભિલોડા સિવિલ હોસ્પિટલમાં સુપ્રિટેન્ડેન્ટ અને સર્જન તરીકે બજાવી હતી ફરજ અનિલ જોષિયારાના જન્મ ૨૪ એપ્રિલ ૧૯૫૩ના રોજ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ચુનાખણના ખાતે થયો હતો. તેઓણે ૧૯૭૯માં એમ.બી.બી.એસ અને ૧૯૮૩માં એમ.એસ.ની ડીગ્રી ગુજરાત યુનિવર્સિટીમાંથી મેળવી હતી. ત્યારબાદ તેઓ ભિલોડા સિવિલ હોસ્પિટલમાં સુપ્રિટેન્ડેન્ટ અને સર્જન તરીકે છ વર્ષ સેવાઓ આપી હતી. હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ત્રણ વર્ષ અને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ૧૯૮૯ થી ૧૯૯૨સુધી પોતાની સફળ તબીબી સેવાઓ આપી છે, આ સાથે જ તેઓ મેડિકલ એસોસિયેશનના સભ્ય રહી ચૂક્યા છે. ગુજરાત સરકારમાં ૧૯૯૫થી ૧૯૯૭ સુધી આરોગ્યમંત્રી રહ્યા ડૉ.અનિલ જોશિયારાની રાજકીય કારકિર્દીનો ઉદય ૧૯૯૫માં થયો હતો. તેઓ ભિલોડાથી ચૂંટાયા બાદ ગુજરાત સરકારમાં ૧૯૯૫થી ૧૯૯૭ સુધી આરોગ્યમંત્રી રહ્યા હતા. ૫ ટર્મથી તેઓ ભિલોડાની બેઠક પરથી ચૂંટાઈ આવ્યા હતા. ૧૯૯૮ની વિધાનસભા ચૂંટણીમાં સ્વ.ઉપેન્દ્ર ત્રિવેદી સામે તેમનો પરાજય થયો અને ૧૯૯૮થી ૨૦૦૨ સુધી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના મંત્રી તરીકે પદભાર સંભાળ્યો હતો. ત્યાર બાદ આવેલી ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨, ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં તેઓ કોંગ્રેસમાંથી સતત ચાર ટર્મથી વિજય મેળવી ભિલોડા વિધાનસભા બેઠકનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. સતત પાંચ ટર્મથી તેઓ ભિલોડાના ધારાસભ્ય પદે રહ્યા હતા.




રોટરી ક્લબ હિંમતનગર દ્વારા સરસ્વતી વિદ્યાલયના (બગીચા વિસ્તાર) બાળકો અને આજુ બાજુના અન્ય રહીશોની આખોની ફ્રી તાપસ, સલાહ અને ફ્રી દવાઓનો કેમ્પ રાખ્યો હતો. જેમાં રોટરી પ્રમુખ રોટે. પ્રશાન્ત વ્યાસ, સરસ્વતી વિદ્યાલયના પ્રમુખ અને રોટેરિયન પ્રફુલભાઈ વ્યાસ, મંત્રી સતિષભાઈ શાહ, ખંજનચી સર્વનંદભાઈ ભટ્ટ, સ્કૂલનો સ્ટાફ અને તખ્તગઢ સિવિલના ડૉ. હરેશભાઈ પટેલ હાજર રહ્યા હતા અને આ કેમ્પને સફળ બનાવવા મહેનત કરી હતી. સરસ્વાતિ વિદ્યાલય અને આજુબાજુના થઈ કુલ ૧૫૭ જરૂરિયાત મંદોએ આ કેમનો લાભ લીધો હતો.

**ઘરે જવા જીવાના જોખમે મુસાફરી!**

# હોળી ધુળેટી પર્વને લઈને રાજસ્થાન વાસીઓ તહેવાર મનાવવા જીવના જોખમે માદરે વતન તરફ



પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ અમદાવાદ થી હિંમતનગર રાજસ્થાન તરફ જતાં માર્ગ ઉપર હોળી ધુળેટી ના તહેવાર ને લઈને તહેવાર મનાવવા જતાં રાજસ્થાની મુસાફરો જીવ ના જોખમે પોતાનાં માદરે વતન તરફ જઈ રહ્યા છે ત્યારે જવાબદાર તંત્ર આવા દો- જવા દો માં મૌનવ્રત ધારણ કર્યું હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે

તહેવાર ને લઈને અમદાવાદ , સુરત , બરોડા સહિત ગુજરાત માં અનેક જગ્યાઓ ઉપર રહેતાં રાજસ્થાનીઓ હોળી ધૂળેટી ના તહેવાર ને લઈને તહેવાર મનાવવા જતા રાજસ્થાન ના મુસાફરો હાલ અમદાવાદ - હિંમતનગરનેશનલ હાઈવે આઠ ઉપર પોતાના જીવના જોખમે મુસાફરી કરતા નજરે પડે છે તો ખાનગી વાહન ચાલકો પણ કમાવાની લ્હાયમાં લકઝરી ચાલકો તથા જીપ ચાલકો વાહન ની અંદર તો મુસાફરો ને ઘેટા બકરાની જેમ ઠોસીઠોસીને ભરે છે પણ જીપ તથા લકઝરી ની છત ઉપર પણ સામાન તથા સામાન ની ઉપર પણ મુસાફરોને બેસાડવામાં આવે છે. તો હાલ અમદાવાદ- હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર નાના મોટા વાહનો હાલ જોવા મલી રહ્યાં છે તો જેવી જવાબદારી છે તંત્ર હાલ મૌનવ્રત ધારણ કર્યું છે અને માત્ર ઓપચારિકતા પુરતું જ નજર રાખી રહ્યું છે ત્યારે થોડુંક વજન પડતાં હાલ તો પ્રેક્ષક બની નિહાળી રહ્યું છે ત્યારે જિલ્લા ટ્રાફિક પોલીસ હપ્તા ની લ્હાય મા હાલતો આંખ આડે કાન કરતુ હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ છે.

# ઘઉંની બમ્પર આવક : જિલ્લાના માર્કેટયાર્ડોમાં ઘઉં ખરીદવા ગૃહીણીઓની ચહલ પહલ શરૂ

**૪૯૬, લોકવન ગૃહીણીઓની પ્રથમ પસંદ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં હોળી-ધુળેટીના તહેવાર પૂર્વે ઘઉં કાપણીનો ધમધમાટ શરૂ થતાં માર્કેટયાર્ડોમાં નવા ઘઉંની આવક બમ્પર થઈ રહી છે. જિલ્લાના માર્કેટયાર્ડોમાં ઘઉંની આવક શરૂ થતાં સારી ક્વોલીટીના ઘઉં ભરવા માટે મહિલાઓની ચહલ પહલ શરૂ થઈ છે. જિલ્લામાં હોળી-ધુળેટી પર્વના કારણે બે થી ત્રણ દિવસ યાર્ડો બંધ રહી શકે છે. જિલ્લામાં દર વર્ષે શિયાળાની સીઝનના અંતમાં ઘઉંનું બમ્પર ઉત્પાદન થતું હોય છે. ખાસ કરીને હોળી-ધુળેટીના તહેવારો પહેલા અને પછી માર્કેટયાર્ડોમાં નવા ઘઉંની આવક પુષ્કળ પ્રમાણમાં રહેતી હોય છે. જેના કારણે ગૃહીણીઓ ઘરમાં બાર મહિના સુધી ચાલે તેટલા ઘઉંનો સ્ટોક ખરીદીને સાચવતી હોય છે. જિલ્લામાં માર્કેટયાર્ડોમાં ઘઉંની બમ્પર આવક થવા લાગતાં મહિલાઓએ નવા ઘઉં ખરીદવા માટે શરૂઆતથી જ રસ દાખવ્યો છે. જિલ્લામાં ઘઉં ભરવાની સીઝનનો પ્રારંભ થતાં વેપારીઓએ પણ સારી ક્વોલીટીના ઘઉં અગાઉથી જ સ્ટોક કરી દીધા છે. જિલ્લામાં ૪૯૬, લોકવન, ભાલીયા સહિતના ઘઉં માર્કેટયાર્ડોમાં જોવા મળી રહ્યા છે. મશીનકટ સોર્ટેક્ષ ઘઉંની માંગ છે પરંતુ તે માત્ર ઘઉં મીલો સુધી જ સિમિત રહી છે. જ્યારે યાર્ડોમાં તો ગૃહીણીઓની પ્રથમ પસંદગી ૪૯૬ તેમજ લોકવન ઘઉં હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.

# પ્રાંતિજ સંસ્કાર વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો




પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સંસ્કાર વિધાલય ખાતે ધોરણ-૧૦ ના વિધાર્થીઓનો વિદાય સમારંભ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.પ્રાંતિજ નાનીભાગોળ વેરાઈમાતા મંદિર પાસે આવેલ સંસ્કાર વિધાલય ખાતે શાળા પરિવાર દ્વારા શાળા માં અભ્યાસ કરતા ધોરણ-૧૦ ના વિધાર્થીઓનો શાળા પરિવાર દ્વારા વિદાય સમારંભ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમા શાળા માં અભ્યાસ કરતાં ૫,૬,૭,અને ૮ ના વિધાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ મા ભાગ લીધો હતો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો જયારે શાળા પરિવાર દ્વારા વિદાયલઈ રહેલ વિધાર્થીઓને આવનાર બોર્ડ ની પરીક્ષા ને લઈને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી તો આ પ્રસંગે શાળા ના આચાર્ય અબ્દુલ્લાહ એ.વ્હોરા તથા શાળા પરિવાર સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# અરવલ્લી જિલ્લામાં વનરક્ષક સંવર્ગ-૩ની પરીક્ષા તા-૨૭ માર્ચે યોજાશે

બાયડ તા.૧૪

અરવલ્લી જિલ્લામાં વનરક્ષક સંવર્ગ -૩ની પરીક્ષા તા-૨૭ માર્ચના રોજ બપોરે ૧૨:૦૦ થી ૨:૦૦ વાગે સુધી યોજવામાં આવશે.મોડાસાના ૨૪૫ બ્લોક પર ૭૩૫૦ વિધાર્થીઓ પરીક્ષા આપશે. વનરક્ષકની પરીક્ષા મોડાસાના વિવિધ કેન્દ્રો ઉપર લેવામાં આવશે.આદર્શ વિદ્યાલય, જી.કે.ભટ્ટ હાઈસ્કૂલ, મખદુમ હાયર સેકન્ડરી સ્કૂલ, એમ.આર.ટી.સી.મદની હાઈસ્કૂલ, જે.બી.શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, સર પી.ટી.સાયન્સ કોલેજ, શ્રી એસ.કે.શાહ એન્ડ કૃષ્ણ એ.એમ..આર્ટસ કોલેજ, શ્રી એચ.એસ.શાહ કોલેજ ઓફ કોમર્સ, શ્રી એચ.એલ.પટેલ સરસ્વતી વિદ્યાલય, કે.એન.શાહ હાઈસ્કૂલ યુનિટ-૧, સી.જી.બુટાલ હાઈસ્કૂલ યુનિટ-૧, સી.જી.બુટાલ હાઈસ્કૂલ યુનિટ-૨,ચાણકય વિશ્વ વિદ્યાલય, જીનીયસ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ, શ્રીમતી એમ.કે.કડકીયા,વિદ્યાલય, બી.કનાઈ હાઈસ્કૂલ, પ્રાર્થના વિદ્યાલય યુનિટ-૧, પ્રાર્થના વિદ્યાલય યુનિટ-૨, તત્વ એન્જીનીયરીંગ કોલેજ યુનિટ-૧, તત્વ એન્જીનીયરીંગ કોલેજ યુનિટ-૨, બ્રાઈટ જુનિયર સાયન્સ કોલેજ,સી.એમ.સુથાર હાઈસ્કૂલ જીતપુર ખાતે યોજવામાં આવશે એમ જિલ્લા શિક્ષણાધિકારશ્રી અરવલ્લીની એક અખબારી યાદી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# મોડાસા શ્રી મારુતિ નંદન હનુમાન મંદિરમાં દર શનિવારે કઢી ખીચડીના સદા વ્રતનો પ્રારંભ



મોડાસા, તા. ૧૫

મોડાસા નગરી શૈક્ષણિક અને આધ્યાત્મિક નગરી છે અહીંયા અનેક સેવાકીય સંસ્થાઓ કાર્યરત છે તેમાં અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં જરૂરિયાત મંદ લોકોને નિશુલ્ક સેવાઓ પૂરી પાડવામાં આવે છે મોડાસા શહેરના રેલ્વે ગ્રાઉન્ડ ની સામે આવેલ આસ્થાના પ્રતીક શ્રી મારુતિ નંદન હનુમાન મંદિર દ્વારા દર શનિવારે કઢી ખીચડી ના સદાવ્રતનો પ્રારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે શ્રી મારુતિ નંદન હનુમાન મંદિરના મહંત શ્રી જયેશભાઈ ઉપાધ્યાય વિવિધ સેવાકીય અને શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ નિલેશ જોશી પ્રવીણ પરમાર તેમજ નગરના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કઢી ખીચડી ના સદાવ્રતનો પ્રારંભ કરવામાં આવ્યો જેમાં દર શનિવારે કઢી ખીચડી નો લાભ શ્રદ્ધાળુ અને જરૂરિયાત મંદ લોકોને મળશે સદાવ્રતમાં દાન આપવા માંગતા દાત આવું મંદિરને દાળ ચોખા છાશ તેમજ રોકડ આપવા મંદિરના મહંત શ્રી જયેશભાઈ ઉપાધ્યાય અને શ્રદ્ધાળુઓને આહવાન કરવામાં આવ્યું

# ધાનેરામાં શીવમ ફાયનાન્સ નામની ઓફીસ ચલાવતા ઈસમ દ્વારા લોનના બહાને ખેડુત સાથે છેતરપિંડી થયાની પોલીસ ફરિયાદ

ધાનેરા તા. ૧૫

ધાનેરા શહેર માં સોશિયલ મીડિયામાં આવતી ઓનલાઈન લોનએપ દ્વારા લોભામણી જાહેરાતથી લલચાઈને આધારકાર્ડ અને પાનકાર્ડ ઉપર ૧૫૦૦૦ રૂપિયાની લોન લીધી હતી.

જે લોન ઉંચા વ્યાજ સાથે ૩૩૦૦૦ રૂપિયા ભરપાઈ કરવા છતાં બોગસ એપવાળાઓ ઈમ્તિયાઝ પઠાણના મિત્રો અને સગા-સંબંધીઓના મોબાઈલ નંબરો પર બિભત્સ અને અભદ્ર ભાષાનો ઉપયોગ કરીને મેસેજો દ્વારા ખોટી રીતે બદનામ અને બ્લેકમેઈલ કરવાનુ ચાલુ રાખતા છેવટે ધાનેરા પોલીસ સ્ટેશનમાં આ એપવાળાઓ વિરુદ્ધ (ફરીયાદ) અરજી આપવી પડી છે.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, જે બનાવની હજુ શાહી પણ સુકાઈ નથી ત્યાં જ ધાનેરા તાલુકાના એટા ગામના એક ખેડૂત સાથે લોન અપાવવાના બહાને શ્રવણભાઈ તગાભાઈ મેઘવાળ રહે.શેરા અને દેવદર્શન શોપિંગ સેન્ટરમાં શીવમ ફાયનાન્સ કંપની નામથી ઓફીસ ચલાવતા મુકેશભાઈ સમેળાભાઈ ડાભી રહે.કોટડા રવિયાવાળા વિરુદ્ધ એક ખેડુતે પોતાની સાથે એક લાખ ચુમોતેર હજાર રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની પોલીસ ફરીયાદ કરતાં સમગ્ર ધાનેરા તાલુકામાં ચકચાર મચી જવા પામી છે ખેડુતે જણાવ્યા મુજબ પોતાને ખેતી કામે રૂપિયાની જરૂર હોવાથી શ્રવણભાઈને વાત કરેલ અને શ્રવણભાઈએ મને શીવમ ફાઈનાન્સ નામની ઓફીસ ચલાવતા મુકેશભાઈ પાસે લઈ ગયેલ ત્યારે આ મુકેશભાઈ એ પોતે લોન ઓફીસર હોવાની ઓળખ આપી મને અને મારા ભાઈઓને વિશ્ર્વાસમાં લઈને મને ત્રણ લાખની લોન જ્યારે મારા એકભાઈને ત્રણ લાખ..બીજાને પાંચ લાખ ત્રીજાને ત્રણ લાખની લોન એમ અમો ચારે ભાઈઓના ડોક્યુમેન્ટ તૈયાર કરાવી મની ચોઈસ સ્મોલ ફાઈનાન્સ લિમિટેડ ના નામે મિલકત તારણમાં આપેલ છે તેવું સોગંદનામું કરાવી લોન ખર્ચ પેટે અંદાજે એક લાખ ચુમોતેર હજાર રોકડા અને સહી કરેલા આઠ કોરા ચેક લઈને પંદર દિવસમાં લોન થઈ જશે તેવી બાંહેધરી આપેલી પરંતુ અમારી લોન ના થતાં અમોએ મુકેશભાઈ ને મળીને કહેલ કે અમારી લોન હજુ સુધી થઈ નથી તેથી મુકેશે અમને પોતાની સહી કરી રકમ ભરીને સ્ટેટ બેંક ધાનેરાના ત્રણ ચેક આપેલા જે ચેક અમે બેંકમાં નાખતા એમના ખાતામાં પુરતું બેલેન્સ ના હોવાથી ચેક રિટર્ન થયેલા આ વાતની જાણ કરવા અમો મુકેશની ઓફીસે જતા તે અમને ઓફીસે મળતા નથી.આવી રીતે લોન અપાવવાના બહાને અમારી સાથે છેતરપિંડી કરવામા આવી છે.ખેડુતે ફરીયાદમાં જણાવ્યા મુજબ મુકેશ અને શ્રવણે અન્ય ઈસમો સાથે પણ લોન અપાવવાના બહાને ડોક્યુમેન્ટ.કોરાચેકો.લોન ફાઈલ ચાર્જ પેટે રૂપિયા લઈને છેતરપિંડી કરી છે.આ સિવાય પણ સમગ્ર ધાનેરા તાલુકાના અનેક ખેડૂતો સાથે પણ શ્રવણે અને મુકેશે ભેગા મળીને છેતરપિંડી કરી હોવાનુ ખેડુતે ફરીયાદમાં જણાવ્યું છે.જો ધાનેરા પોલીસ દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવે તો શિવમ ફાયનાન્સ નામની ઓફીસ ચલાવી બનાવટી લોન ઓફીસર બનીને લોન અપાવવાના બહાને ખેડૂતોની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરનાર શ્રવણ અને મુકેશની જોડીનુ લાખો રૂપિયાની છેતરપિંડી કર્યાનુ કૌભાંડ બહાર આવે તેમ છે.

# ઈડર ખાતે રાજ્યકક્ષાનો ૭મો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ યોજાયો

**વિદ્યાર્થીઓના ગુણાત્મક શિક્ષણ અર્થે વિવિધ જિલ્લાના શિક્ષકો દ્વારા ૧૬૦ જેટલા ઇનોવેટિવ સ્ટોલ રજૂ કરાયા : જેમાં શિક્ષકોએ નિદર્શન - પ્રદર્શન દ્વારા મોલાકાતીઓને ઇનોવેટીવ અંગે સમજ આપી હતી**



બાયડ તા.૧૪

રાજ્ય શિક્ષણ વિભાગ અંતર્ગત જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર દ્વારા આયોજિત રાજ્ય નો ૭ મો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ ઈડર ખાતે યોજાયો. શિક્ષણમાં નાવીન્યપૂર્ણ પ્રવૃતિઓ થકી ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને વિવિધ વિષયોની મોટાભાગની અધ્યયન-અધ્યાપન નિશ્પતિઓ સિધ્ધ થાય અને વિદ્યાર્થીઓને ગુણાત્મક શિક્ષણ પ્રાપ્ત થાય તથા શિક્ષકો દ્વારા વર્ગખંડમા થયેલ નવતર પ્રવુતિઓને યોગ્ય સ્ટેજ મળી રહે તે હેતુથી ઈનોવેશન ફેસ્ટિવલ નું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ગુજરાતના ૧૬૦ જેટલા ઈનોવેટિવ ટીચર્સ દ્વારા વિવિધ ઈનોવે ટિવ સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા. જેમાં ભાષા,ગણિત,વિજ્ઞાન, પર્યાવરણ ,ચકાસણી અને મૂલ્યાંકન ,મૂલ્ય શિક્ષણ,ટેકનોલોજીનો ઉપયોગ , સ્વાસ્થ્ય અને પોષણ ,લોકભાગીદારી , નીતિવિષયક ,વહીવટ જેવા વિષયોમાં વિદ્યાર્થીઓને નડતરરૂપ સમસ્યાના સમાધાન અર્થેની ઈનોવેટિવ કૃતિઓ રજૂ કરાઈ હતી.આ કાર્યક્રમ દરમિયાન વ્યાખ્યાનશ્રેણી નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બીએડના વિદ્યાર્થીઓને ઈનોવેટીવ ફેસ્ટિવલ અંગે માહિતી આપી વિવિધ કલાસરૂમોમાં સંવાદ સાધ્યો હતો. આ ઉપરાંત ઈનોવેટીવ ફેસ્ટિવલ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દેશમાં ફક્ત ગુજરાતમાં જ ઈનોવેશન ફેસ્ટિવલ યોજવામાં આવે છે.રાજ્ય કક્ષાના ઈનોવેટીવ ફેસ્ટિવલમાં રાજ્યના જુદા જુદા જિલ્લાના શિક્ષક અને શિક્ષિકાઓએ ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે નાયબ માહિતી નિયામક અરવિંદભાઈ મછારને પ્રેરક ઉદબોધન કર્યું હતું અને ઈનોવેટીવ ફેસ્ટિવલ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્ય કક્ષાના આકાર્યક્રમમાંજી.સી.ઇ. આર. ટીના રીડર ડૉ.સંજય ત્રિવેદી,જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્ય શ્રી ડો.કે.ટી.પોરાણીયા,જિલ્લા શિક્ષણ સમાજના પ્રમુખ ગીરીશભાઈ પટેલ , સિનિયર લેક્ચરર અશ્વિનભાઈ પટેલ,સિનિયર લેક્ચરર ડૉ. મદનસિંહ જી. ચૌહાણ, વિવિધ તાલુકામાંથી TPEO, ઈડર ડાયટ ના પ્રોફેસરો,અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા